**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, અમદાવાદ.**

**ફો.કેસ.નં. 39517 / 2023**

**૧.** આ કામના આરોપી સામે **ઈ.પી.કોડની કલમ–૨૭૯** મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે **ઈ.પી.કોડની કલમ–૨૭૯** મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪.
અમદાવાદ.
(સ્પેશીયલ સીટીંગ)

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.(જી.જે.૦૦૮૬૪)